ગુજરાત સમાચાર, પાના નં.૦૨, તા. ૨૭.૦૯.૨૦૨૪

## અમદાવાદ મેટ્રો પ્રોજેક્ટના ફેઝ-૨ અંતર્ગત

# ગાંધીનગર સુધી મેટ્રોમાં બાકીના ૧૪ સ્ટેશન જુન ૨૦૨૫ સુધીમાં શરૂ થશે

અમદાવાદ,મંગળવાર

ગુજરાત સરકારના મેટ્રો પ્રોજેક્ટ અંતર્ગત અમદાવાદથી ગાંધીનગર વચ્ચેની મેટ્રો-સર્વિસને આજે વિધિવત રીતે શરૂ કરવામા આવી છે પરંતુ હાલ ફેઝ-૧માં મોટેરાથી સેકટર-૧ સુધીની અને જીએનએલએયુથી ગિફ્ટ સિટી સુધીની સર્વિસ શરૂ થઈ છે.જ્યારે મોટેરાથી જીએનએલયુ વચ્ચેના સાત સ્ટેશન હજુ શરૂ કરાયા નથી.આ સ્ટેશનો આગામી ફેબ્રુઆરી સુધીમાં તબક્કાવાર શરૂ થઈ જશે. જ્યારે સેકટર-૧થી મહાત્મા મંદિર સુધીના સાત સ્ટેશન જુન -૨૦૨૫ સુધીમાં શરૂ કરાશે.હાલ તો ગાંધીનગર સુધી મેટ્રો સર્વિસ શરૂ થતા જીએનએલયુ અને પીડીપીયુના વિદ્યાર્થીઓને મોટો ફાયદો થશે.

# મોટેરાથી GNLU વચ્ચેના ૭ સ્ટેશન ફેબ્રુઆરી સુધીમાં શરૂ થશે : હાલ બે યુનિ.ના વિદ્યાર્થીઓને લાભ મળશે

અમદાવાદ મેટ્રોના ફેઝ-૨ અંતર્ગત મોટેરાથી મહાત્મા મંદિર સુધી મેટ્રો રેલ ચાલવાની છે અને જેમાં કુલ ૨૨ સ્ટેશનો છે.આ ૨૨ સ્ટેશનોમાંથી હાલ ૮ સ્ટેશનો તૈયાર થઈ જતા આજે વડાપ્રધાન દ્વારા ગાંધીનગર સુધીની મેટ્રોરેલને લીલી ઝંડી પ્રારંભ કરાવવામા આવ્યો હતો.

મોટેરાથી ગાંધીનગર સેકટર-૧ સુધીની મેટ્રોમાં હાલ જીએનએલયુ,પીડીપીયુ, ગિફ્ટ સિટી,રાયસણ, રાંધેસણ, ધોળાકુવા સર્કલ, ઈન્ફોસિટી અને સેકટર-૧ સહિતના ૮ સ્ટેશનો પર જ મેટ્રો ઉભી રહેશે અને બંને બાજુ દોડશે.જયારે મોટેરાથી જીએનએલયુ વચ્ચેના ૮ સ્ટેશન તૈયાર ન થયા હોવાથી શરૂ કરાયા નથી.આ ૮ સ્ટેશનોમાં કોટેશ્વર રોડ, વિશ્વકર્મા કોલેજ, તપોવન સર્કલ, નર્મદા કેનાલ કોબા સર્કલ, જુના કોબા અને કોબા ગામ સ્ટેશન હજુ સંપૂર્ણ રીતે તૈયાર થવાના બાકી છે.ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશનના મેનેજિંગ ડિરેકટર એસ.એસ.રાઠોરે જણાવ્યુ કે કેટલાક સ્ટેશનો માટે જમીન મોડી મળતા કામ મોડુ શરૂ થયુ હતુ પરંતુ ગાંધીનગર સુધીના ફેઝ-૨ માટે ડિસેમ્બર ૨૦૨૨માં કામ શરૂ કરાયુ હતુ અને ખૂબ જ ટુંકા સમયમાં ૮ સ્ટેશનો સંપૂર્ણ તૈયાર કરીને મેટ્રો શરૂ કરી દેવાઈ છે.જ્યારે જુના કોબા અને કોબા ગામ ખાતે હજુ રહેણાંક વસાહતો-લોકાલિટી વધી ન હોવાથી અને મેટ્રો સ્ટેશનો બનવાના બાકી હોવાથી શરૂ થયા નથી. પરંતુ હાલ બાકી રહેલા જીએનએલયુ સુધીના સાત સ્ટેશનો ફેબ્રુઆરી સુધીમાં તબક્કાવાર શરૂ થઈ જશે.જેમાં આગામી ત્રણથીચાર મહિનામાં કોટેશ્વર,નર્મદા કેનલા, તપોવન સર્કલ અને વિશ્વકર્મા કોલેજ સ્ટેશન શરૂ થઈ જશે.જ્યારે બાકીના ફેબ્રુઆરીમાં સુધીમાં જશે. સેકટર-૧થી મહાત્મા મંદિર સુધીના બાકી ૭ સ્ટેશનો જેવા સેકટર-૧૦એ,સચિવાલય, અક્ષરધામ, જુના સચિવાલય, સેકટર-૧૬,સેકટર-૨૪ અને મહાત્મા મંદિર જુન ૨૦૨૫ સુધીમાં શરૂ કરવાનો ટાર્ગેટ છે. મહત્વનુઁ છે કે જ્યારે જીએનએલયુ અને પીડીપીયુ સ્ટેશન શરૂ થઈ જતા અમદાવાદથી આ બે યુનિ.માં જતા વિદ્યાર્થીઓને ફાયદો થશે.જ્યારે વિશ્વાકર્મા કોલેજ તેમજ એલડીઆરપી કોલેજ-યુનિ.ના વિદ્યાર્થીઓને હજુ થોડા મહિનાઓ રાહ જોવી પડશે.